હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

ચિલોડાના ગેસ્ટ હાઉસમાં ગ્રાહકોની અધુરી વિગતો અંગે માલિક સામે ફરીયાદ

ગાંધીનગર,તા.૧૮

ગાંધીનગર શહેરી વિસ્તાર અને જિલ્લામાં સુરક્ષાને લઈ એસઓજી પોલીસે કડક હાથે કાર્યવાહી શરુ કરી છે. મકાન ભાડે આપનારા અને પોલીસમાં જાણ નહી કરનારા ૭ જેટલા મકાન માલિકો સામે કેસ કર્યા છે. ત્યારબાદ એસઓજી પોલીસે ગેસ્ટ હાઉસો અને હોટલમાં તપાસ શરુ કરી છે.

જેમાં ચિલોડા ખાતે એક ગેસ્ટ હાઉસમાં યાત્રિકોની રજીસ્ટ્રરમાં એન્ટ્રી અધુરી રાખનાર ગેસ્ટ હાઉસના માલિક સામે ફરીયાદ નોંધી છે. ગાંધીનગર એસઓજી પીઆઈ જે.જી. વાઘેલાના માર્ગદર્શનમાં સક્રિય થયેલી ટીમે ચિલોડામાં અચાનક ચેંકીગ હાથ ધર્યું હતું. જેમાં ચિલોડા ટાઉન ખાતે ઓવલી હોટલ જાનવી પેલેસ રેસ્ટોરન્ટ એન્ડ ગેસ્ટ હાઉસમાં યાત્રિકો માહિતી અધુરી રખાઈ હતી. જેમાં યાત્રિકોની નામે સામે ચેક આઉટની માહિતી અધુરી રખાઈ હતી. જેને પગલે એસઓજીએ ગેસ્ટ હાઉસના માલિક ધર્મેશકુમાર પ્રહલાદરાય શાહ (રહે. નડીયાદ,બાલાજી સોસાયટી, ખેડા) સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

‘‘ખેલે ગુજરાત’’ના સમરકેમ્પ ૨૦૧૯માં ૧૮૨ ખેલાડીઓનું કોચીંગ

ગાંધીનગર, તા. ૧૮

દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગાંધીનગરની કચેરી દ્વારા ‘‘ખેલે ગુજરાત’’ અંતર્ગત રાજ્યકક્ષા સમર કોચીંગ કેમ્પ ૨૦૧૯ હેન્ડબોલ અને હોકી (બહેનો) તથા સાયકલીંગ (ભાઈઓ-બહેનો)ના સમર કેમ્પનું આયોજન તા. ૧૧-૫-૨૦૧૯ થી તા. ૩૧-૫-૨૦૧૯ દરમ્યાન ૨૧ દિવસ માટે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, સેક્ટર-૧૫, ગાંધીનગર તથા પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, સેક્ટર-૭, ગાંધીનગર ખાતે કરેલ છે. જેમાં હોકી રમતના કેમ્પમાં ૬૧ ખેલાડી બહેનો, હેન્ડબોલ રમતના કેમ્પમાં ૮૧ ખેલાડી બહેનો તથા સાયકલીંગ રમતમાં ૩૧ ખેલાડી ભાઈઓ અને ૯ ખેલાડી બહેનો મળી કુલ ૧૮૨ ખેલાડીઓ આ સમર કોચીંગ કેમ્પનો લાભ લઈ રહ્યા છે.

હેન્ડબોલ રમતના કેમ્પમાં એક્ષપર્ટ કોચ તરીકે એ.પી.એસ. ધિલ્લોન તથા સાયકલીંગ રમતના કેમ્પમાં મિતેશ ઠક્કર પોતાની સેવાઓ આપી રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા આ તમામ ખેલાડીઓનું નિવાસ, ન્યુટ્રીસન્સ, ભોજન તથા તાલીમ અંગે સારી વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ કેમ્પનું તમામ આયોજન સંચાલન સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ગાંધીનગરની કચેરી દ્વારા કરવામાં આવી રહ્યું છે.

ખંભીસર વરઘોડો વિવાદ : રાજ્ય સરકાર પીડિતોને ૧ લાખ રૂપિયાની સહાય આપશે

ગાંધીનગર,તા.૧૮

અરવલ્લી જિલ્લાના બહુચર્ચિત ખંભીસર ગામમાં અનુસૂચિત જાતિનાં વરરાજાના વરઘોડા પર હુમલો થયો હતો. આ મામલે મોડાસા ગ્રામ્ય પોલીસે ખંભીસરના ૪૫ ગ્રામજનો સહિત ૧૫૦ના ટોળા સામે ફરિયાદ નોંધી છે. તેમની વિરૂધ્ધ એટ્રોસિટી એક્ટ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. આ દરમિયાન થયેલા ઘર્ષણમાં રાજ્ય સરકારે પીડિત ૮ લોકોને ૧ લાખ રૂપિયાની સહાય ચુકવશે. ખંભીસરમાં અનુસૂચિત જાતિના લોકો વરઘોડો કાઢવા સામે ગામના અન્ય જ્ઞાતિના લોકોએ હોમહવન કર્યા હતા. છતાં પોલીસ પ્રોટેકશનમાં નીકળતા તેના પર પથ્થરમારો કર્યો હતો. જેમાં ૮ જેટલા લોકોને ઈજાઓ થઈ હતી.

સે. ૩-ન્યુમાં ગટરોના ઢાંકણ રોડ લેવલ કરતા નીચા હોવાથી હાલાકી

ગાંધીનગરના સેક્ટર-૩-ન્યુ ખાતે અનેક ગટરના ઢાંકણો રોડના લેવલથી નીચે થઈ ગયા હોવાથી વાહનચાલકોને તો હેરાનગતિ થાય જ છે પરંતુ આગામી ચોમાસાની સીઝનમાં વરસાદી પાણી સાથે તેમાં કચરો પણ જવાની શક્યતાથી ગટરો ચોકઅપ થઈ શકે તેવી પરિસ્થિતિ જોવાઈ રહી છે. વળી, રોડનું લેવલ ઊંચુ થઈ જવાથી કેટલીક ગટરના ઢાંકણ તો રેતીથી એટલા ઢંકાઈ ગયા છે કે તે ક્યાં છે તે શોધવું પણ મુશ્કેલ બન્યું છે અને કેટલીક ગટરના ઢાંકણ તુટેલી હાલતમાં પણ જોવા મળી રહ્યાં છે. સેક્ટર-૩-ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશભાઈ આગજાના જણાવ્યા મુજબ ‘અહીં ગટરોની સાફ-સફાઈમાં બેદરકારી બહુ જોવા મળી રહી છે. વળી, ગટરના ઢાંકણ કરતા રોડના લેવલ ઊંચા થઈ જવાથી ખાડા સર્જાયા છે જેના કારણે વાહનચાલકો ઉપરાંત રોડ પરથી પસાર થતા વરિષ્ઠ વડિલો પણ મુશ્કેલી અનુભવી રહ્યાં છે આ સમસ્યા અંગે અગાઉ પણ લેખિત રજૂઆત છતાં તંત્ર દ્વારા કોઈ પગલાં લેવાયા નથી તો સત્વરે ચોમાસાના આગમન પૂર્વે ગટરના ઢાંકણોના લેવલ રોડને સમાતંર કરી દેવાય તે ઈચ્છનીય છે.

ઉમિયા મંદિરનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના કડવા પાટીદાર

સમાજ ખાતે સેક્ટર-૧૨માં ઉમિયા માતાજીના મંદિરે ૧૬મો પાટોત્સવ શુક્રવારે ધામધૂમથી સંપન્ન થયો હતો. આ પ્રસંગે મેયર રીટાબેન પટેલ, ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘર, શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, ઉપરાંત અગ્રણીઓ પિન્કીબેન પટેલ, રાકેશભાઈ પટેલ, કાર્તિકભાઈ પટેલ, હાઉસીંગ સોસાયટી નિગમના ચેરમેન વાડીભાઈ પટેલ, ઊંઝાના અગ્રણી પ્રમુખ મણીભાઈ પટેલ, મંત્રી દિલીપભાઈ પટેલ, સંગઠન મંત્રી પ્રવિણભાઈ પટેલ, સરદારધામ અમદાવાદના પ્રમુખ ગગજીભાઈ સુતરીયા, મહામંત્રી જશવંતભાઈ પટેલ, સીઈઓ એચ.એન. પટેલ, ધારાસભ્ય શંભુજી ઠાકોર, જામનગર મનપાના કમિશ્નર અને ગાંધીનગર પૂર્વ કલેક્ટર સતીષભાઈ પટેલ, વિનય વ્યાસા, પૂર્વ મેયર પ્રવિણભાઈ પટેલ, પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન મનુભાઈ પટેલ, કેપિટલ ઓફસેટના રમેશભાઈ પટેલ, ફૂભકોના ડિરેક્ટર પરેશભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

પાટોત્સવમાં નવચંડીના યજ્ઞના યજમાન ચંદુભાઈ પટેલ પરિવાર સહિત છ સહ યજમાનોએ હવનનો લાભ લીધો હતો. પૂર્ણાહુતિ પ્રસંગે મહા આરતીનો લાભ ટેમ્પલ કમિટીના ચેરમેન વિષ્ણુભાઈ પટેલના પરિવારે લીધો હતો. પટેલ પાર્લર તરફથી કેરીના રસ સાથેનું ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ પ્રસંગે સમાજના દાતાઓ, યજમાનો, મહાનુભાવોનું સન્માન કરાયુ હતુ. આ પ્રસંગને સફળ બનાવવા કડવા પાટીદાર સમાજના હોદ્દેદારો પ્રમુખ ભરતભાઈ પટેલ, મહામંત્રી ભોળાભાઈ પટેલ, ટેમ્પલ કમિટીના ચેરમેન વિષ્ણુભાઈ પટેલ બાપજી તથા વિવિધ સમિતિના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમમાં ૪ હજાર જેટલા ઉમાભક્તો જોડાયા હતા.

ધારાસભ્ય લલિતભાઈના પુત્ર વિશાલના અવસાનથી પ્રદેશ કોંગ્રેસ સમિતિમા ઘેરા શોકની લાગણી

ગાંધીનગર તા ૧૮

ટંકારાના ધારાસભ્ય લલિતભાઈના પુત્ર વિશાલના માર્ગ અકસ્માતમાં દુખદ અવસાનથી પ્રદેશ કોંગ્રેસ સમિતિએ પણ ઘેરા શોકની લાગણી વ્યકત કરી છે. પ્રદેશના કોંગી નેતાઓએ આ કપરી ઘડીએ તેમના પરિવારજનોને સાંત્વના આપી હતી.

મોરબી જિલ્લાના ટંકારા વિધાનસભા બેઠકના કોંગ્રેસના ધારાસભ્ય અને રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર લલિત કગથરાના પુત્ર વિશાલ કગથરાનુ પશ્ચિમ બંગાળના બહેરામપુર પાસે અકસ્માતમાં દુખદ અવસાન થયુ છે. ધારાસભ્ય લલિત કગથરાના પુત્ર સહીત પરિવારજનો પશ્ચિમ બંગાળ ફરવા ગયા હતા. જયાં કલકત્તા થી ફલાઈટમાં અમદાવાદ પરત ફરવાના હતા. પરંતુ ફલાઈટ ચુકી જતા કલકત્તાથી વોલ્વો બસમાં લલિતભાઈના પુત્ર વિશાલ કગથરા સહીત ત્રણ દંપતી બહેરામપુર તરફ આવી રહ્યા હતા ત્યારે ટ્રક અને વોલ્વો બસ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં લલિતભાઈના પુત્ર વિશાલનુ કરૂણ મોત નિપજયુ હતુ. લલિતભાઈના પુત્રના દુખદ નિધનથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતા પરેશ ધાનાણીએ લલિતભાઈના પરિવાર પર આવી પડેલી આફત અંગે ઘેરા શોકની લાગણી વ્યકત કરી છે. કોંગ્રેસ પક્ષના અગ્રણીઓ કાર્યકરો સહીત સમગ્ર રાજકીય વર્તુળમાં પણ આ ઘટનાથી શોકની લાગણી પ્રવર્તી છે. પ્રદેશ કોંગ્રેસ સમિતિએ પણ દુખ સાથે શોકની લાગણી વ્યકત કરી તેમના પરિવારજનોને સાંત્વના આપી છે.

અમિત શાહ સોમનાથ દાદાના દર્શન પહોંચ્યા : પૂજા-અભિષેક

ભાજપ કાર્યકરો દ્વારા ભવ્ય સ્વાગત કરાયું : અમિત શાહે પરિવારના સભ્યોની સાથે સોમનાથ મહાદેવની પૂજા કરી

અમદાવાદ,તા. ૧૮

લોકસભા ચૂંટણી ૨૦૧૯ના પરિણામોના પાંચ દિવસ પહેલા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ આજે પરિવાર સાથે સુપ્રસિધ્ધ સોમનાથ મહાદેવના દર્શનાર્થે પહોંચ્યા હતાં.

જ્યાં તેમનું સ્વાગત સ્થાનિક ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. અમિત શાહે તેના પરિવાર સાથે સોમનાથ મહાદેવની પૂજા કરી અભિષેક કર્યો હતો. મહત્વનું છે કે લોકસભાની ચૂંટણીના અંતિમ તબક્કાના મતદાન પૂર્વે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સોમનાથ મહાદેવના દર્શન માટે આવી પહોંચ્યા હતાં. અમિત શાહ પહેલા ગઈકાલે તા.૧૭ મી મેના રોજ સોમનાથ આવવાના હતા પરંતુ અચાનક કામ આવી જતાં ગઈકાલના બદલે તેઓ આજે દર્શન કરવા પહોંચ્યા હતાં.

અમિત શાહને દિલ્હીમાં મહત્વનું કામ આવી જતા શાહ રાત્રે ૧૧ કલાકે રાજકોટ એરપોર્ટ પર પહોંચ્યા હતા. જ્યાં તેમનું સ્વાગત રાજકોટના મેયર, શહેર ભાજપ પ્રમુખ, મહામંત્રી, અને ધારાસભ્યએ કર્યું હતું. અમિત શાહ તથા તેમના પરિવાર માટે રાજકોટના સર્કીટ હાઉસમાં રાત્રી રોકાણની વ્યવસ્થા કરાઈ હતી. શુક્રવારે રાત્રે શાહ પરિવાર માટે ભોજનની વ્યવસ્થા પણ કરાઈ હતી.

પરંતુ તેમને દિલ્હીમાં કામ હોવાથી ત્યાથી ભોજન લઈ રાત્રે ૧૧ કલાકે રાજકોટ આવ્યા હતા અને આજે પોતાના પરિવાર સાથે સોમનાથ મહાદેવના દર્શન માટે પહોંચ્યા હતા.

અમિત શાહે પત્ની, પુત્ર જય સહિત પરિવારના સભ્યો સાથે સોમનાથ મહાદેવની પૂજા, જળાભિષેક અને દર્શન કર્યા હતા. મંદિરના પૂજારીઓ દ્વારા શાહ અને તેમના પરિવાર માટે વિશેષ પૂજા કરાવવામાં આવી હતી. છેલ્લા દોઢ મહિનાથી લોકસભાની ચૂંટણી માટે પ્રચાર કામગીરી ચાલી રહી હતી. ૧૦મી માર્ચના દિવસે લોકસભાની ચૂંટણી માટે કાર્યક્રમની જાહેરાત થયા બાદથી જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું હતું.

અમિત શાહ તમામ કાર્યક્રમોમાં સૌથી અગ્રણી હતા. તેમના વ્યસ્ત કાર્યક્રમના કારણે સમય આપી શકતા ન હતા. ચૂંટણી પ્રચારનો હવે અંત આવ્યા બાદ આવતીકાલે ૭માં તબક્કાની ચૂંટણી યોજાય તે પહેલા અમિત શાહ પરિવાર સાથે સોમનાથ મહાદેવના દર્શન માટે પહોંચ્યા હતા.

રાજ્યમાં બુદ્ધ પૂર્ણિમાની ઉજવણી

અમદાવાદ, તા. ૧૮

બુદ્ધ પૂર્ણિમાની આજે પરંપરાગતરીતે ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાતના જુદા જુદા ભાગોમાં પ્રાર્થના અને પૂજાના કાર્યક્રમો યોજાયા હતા. દુનિયાભરમાં ફેલાઈ રહેલા બૌદ્ધ ધર્મના લોકો માટે ગુજરાતમાં ૧૩ સ્થળોને બૌદ્ધ સર્કિટ સાથે જોડવાની તૈયારી ચાલી રહી છે. આના માટેની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. આ ૧૩ સ્થળ ભગવાન બુદ્ધ સાથે કોઈને કોઈ રીતે જોડાયેલા છે.

આ સ્થળોને ગુજરાત પ્રવાસ નિગમ દ્વારા વિકસિત કરવામાં આવી રહ્યા છે. ઈન્ટરનેશનલ બુદ્ધિસ્ટ ફેડરેશનની સાથે કરાર કરીને બૌદ્ધ સર્કિટ વિકસિત કરવાની કામગીરી ચાલી રહી છે. આમા દેવકીમોરી પણ સામેલ છે. આને ગ્લોબલ સ્પીચ્યુઅલ સ્થળ તરીકે વિકસિત કરવામાં આવનાર છે. આ ૧૩ સ્થળોને વિશ્વસ્તરીય સુવિધા સાથે વિકસિત કરાશે. તેમને વિશ્વના બૌદ્ધ ધર્મના સ્થળો સાથે જોડવામાં આવશે. પ્રારંભિક તબક્કામાં સર્કિટ માટે ગુજરાતના ૧૨ સ્થળોની પસંદગી કરવામાં આવી છે જેને અતિ આધુનિક સુવિધા સાથે સજ્જ કરવામાં આવશે. જે ૧૩ સ્થળોની પસંદગી કરવામાં આવી છે તેમાં જુનાગઢના ઉપરપોટ, બાબા પ્યારેલાની ગુફા, ખાપરા કોડિયાના મહેલ, અશોક સ્તંભ માર્ગ, ગીર સોમનાથની સાના ગુફા, પ્રભાસપાટણની બૌદ્ધ ગુફા, ભરુચના તળિયા પહાડ, કચ્છની સિયોત ગુફા, ભાવનગરમાં તળાજા બૌદ્ધ ગુફા, રાજકોટની ખંભાલીડા ગુફા, મહેસાણા જિલ્લામાં વડનગરની બૌદ્ધ ગુફા, મહેસાણા જિલ્લાની તારંગા હિલ પર બૌદ્ધ ગુફા અને મૈત્રા નદીના કિનારે વિકસિત પ્રાચીન દેવમોરીનો સમાવેશ થાય છે. વિકસિત થનાર આ બૌદ્ધ સ્થળો ઉપર અતિઆધુનિક સુવિધાઓ વિકસિત કરવામાં આવશે જેમાં સ્ટ્રીટ લાઈટો, એપ્રોચ રોડ, સુરક્ષા માટે ખાસ કેબિન, સીસીટીવી કેમેરા, પ્રવાસીઓ માટે બેસવાની વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા, રિફ્રેશમેન્ટ સુવિધા, કાર પાર્કિંગની સુવિધા, વોચ ટાવર, રેસ્ટિંગ એરિયાનો સમાવેશ થાય છે. દેવની મોરીમાં ભગવાન બુદ્ધના સમયના અવશેષને પ્રદર્શન કરવા માટે મુકવામાં આવશે જ્યાં પાણી માટે કુંડ, બ્રિજ, ગ્રંથાલયો જેવી સુવિધાઓ વિકસિત કરવામાં આવશે. બૌદ્ધ સર્કિટ સાથે ગુજરાતમાં ૧૩ સ્થળો વિકસિત કરવામાં આવશે.

હવે, શહેરનો યુવા વર્ગ જાહેરમાં બર્થ ડે ઉજવી નહી શકે...

ગાંધીનગર, તા.૧૮

રાજયભરમાં યુવાનોમાં જાહેર બાગ-બગીચા સહિતના સ્થળો પર જન્મદિવસની ઉજવણીનો ભારે ક્રેઝ જોવા મળે છે. રાત્રીના ૧૨ કલાકે મિત્રો જાહેર સ્થળો પર કેક કાપીને ફટાકડા ફોડીને જન્મદિવસની ઉજવણી કરતા હોય છે. પરંતુ આ યુવાનો કેટલીક વાર જાહેર સંપતિને તેમજ જાહેર જનતાને નડતરરૂપ બનતા હોય છે. ત્યારે શહેરમાં પણ ફરતા થયેલા એક વાયરલ વિડીયોને પગલે તંત્ર હરકતમાં આવતા આ પ્રકારની ઉજવણી સામે પ્રતિબંધ મુકવાની તૈયારીઓ શરુ થઈ ગઈ છે. પાટનગરના ઘ-૨ સર્કલ માર્ગ વચાળે રાત્રીના સમયે યુવકો જન્મદિવસની જાહેરમાં ઉજવણી કરતા હતા. વાહન ચાલકો અને ટ્રાફિક સમસ્યામાં આડખીલીરૂપ બને તે રીતે યુવાનો ચિચિયારીઓ પાડીને ફટાકડા ફોડતા નાગરીકોને હેરાનગતિનો સામનો કરવો પડ્યો હતો. યુવાનોની આ પ્રકારની હરકતથી દુર્ઘટના સર્જાય તેવી સ્થિતિ ઉભી થાય છે. ત્યારે યુવાનોની જાહેરમાં આ પ્રકારની મોજમસ્તી પર શહેરમાં પ્રતિબંધ લાગી શકે છે. ગાંધીનગર જિલ્લા એસપી મયુર ચાવડા દ્વારા જાહેરમાં ઉજવણીઓ પર પ્રતિબંધ મુકવાની દરખાસ્ત કલેકટર સમક્ષ કરી દેવાઈ છે. જેથી શહેરમાં ટુંક સમયમાં રાત્રીના સમયે જાહેરમાં જન્મદિવસની ઉજવણી પર પ્રતિબંધ આવે તો નવાઈ નહી.

પેન્શનરોએ હયાતીની ખરાઈ મે થી જુલાઈ દરમિયાન સંબંધિત બેંકમાં રૂબરૂ જઈ કરાવવી

આર.આર.એલ.એ. સ્કીમ હેઠળ પેન્શન મેળવતાં પેન્શનરોને સરકારના નાણા વિભાગના ઠરાવ મુજબ તમામ પેન્શનરશ્રીઓએ વાર્ષિક હયાતીની ખરાઈ મે થી જુલાઈ માસ દરમ્યાન સંબંધિત બેંકમાં રૂબરૂ જઈ કરાવવા તિજોરી અધિકારી (પેન્શન), પેન્શન ચુકવણા કચેરી, ગાંધીનગરે જણાવ્યું છે. તિજોરી અધિકારી (પેન્શન)એ વધુમાં જણાવ્યું છે કે, આ ત્રણ માસ દરમ્યાન સંબંધિત બેંકમાં રૂબરૂ જઈ હયાતીની ખરાઈ કરાવવામાં નિષ્ફળ જાય તો તેવા પેન્શનરોનું પેન્શનનું ચુકવણું ઓગસ્ટ માસથી સ્થિગત કરવામાં આવશે. જે ધ્યાનમાં લઈ તમામ પેન્શનરોએ મે થી જુલાઈ માસ દરમ્યાન સંબંધિત બેંકમાં રૂબરૂ જઈ હયાતીની ખરાઈ કરાવી લેવી.

નકલી પોલીસનો આતંક વધ્યો, મીડિયાકર્મીને લાફા ઝીંકી લૂંટી લેવાયો

અમદાવાદ,તા.૧૮

અમદાવાદમાં નકલી પોલીસનો આતંક વધી રહ્યો છે. શુક્રવારે મોડી રાત્રે ઓફિસથી ઘરે જઈ રહેલા મીડિયાકર્મીને મણિનગરમાં લૂંટી લેવામાં આવ્યો. બે શખ્સોએ મીડિયાકર્મીને પોલીસની ઓળખ આપી હતી અને યુવકને લાફા ઝીંકી દીધા હતા. ત્યારબાદ બંને શખ્સો મીડિયાકર્મીનું એક્ટિવા લઈને થયા ફરાર થઈ ગયાં હતાં. હાલમાં મણિનગર પોલીસે લૂંટની ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ વિશે મીડિયા કર્મીએ કહ્યું કે, હું કાલે રાત્રે ૧૨ વાગ્યે ઓફિસથી નીકળીને ઘર તરફ જઈ રહ્યો હતો, ત્યારે ચાર રસ્તા પાસે બે અજાણ્યા શખ્સો આવ્યા, અને મને કહ્યું કે, પાછળ ચાર રસ્તા પર પોલીસ ઉભી છે.

સાઈ ખાતે ફૂટબોલ, કબડ્ડી અને વૉલીબોલ માટે છ સપ્તાહના કોર્સનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના સેક્ટર-૧૫માં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ

ઈન્ડિયાના નેતાજી સુભાષ વેસ્ટર્ન સેન્ટર ખાતે ફૂટબોલ, કબડ્ડી અને વૉલીબોલની રમત માટેના છ સપ્તાહના કોર્સનો પ્રારંભ સમારોહ યોજાયો હતો. આ સમારોહમાં આ ત્રણેય રમતોના પુરૂષ-મહિલા વિભાગના મળીને કુલ ૬૫ તાલીમાર્થી ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સાઈ કેમ્પસમાં એડમિનીસ્ટ્રેશન બિલ્ડીંગના પ્રાંગણમાં યોજાયેલ સમારોહમાં ગોલ્ડ મેડાલિસ્ટ પેરા ઓલ્મ્પિયન દેવેન્દ્ર ઝાઝરિયા, અર્જુન એવોર્ડ વિજેતા પેરા વેઈટલીફટીંગ ખેલાડી રાજેન્દ્રસિંઘ રાહેલુ તથા એશિયન ગેમ્સમાં કબડ્ડીમાં ગોલ્ડ મેડાલિસ્ટ રહેલાં ખેલાડી મનપ્રિતસિંઘ ઉપસ્થિત રહ્યાં હતા. કોર્સમાં જોડાઈ રહેલા ૬૫ તાલીમાર્થીઓમાં વિવિધ રાજ્યોના શિક્ષકો, અધ્યાપકો અને રમતવીરો સામેલ હતા. જેઓ આગામી પેઢીને વધુ આધુનિક તાલીમ આપી શકે તેવુ કૌશલ્ય પ્રાપ્ત કરવાના ઉદ્દેશથી જોડાયાં છે. કાર્યક્રમના પ્રારંભે કબડ્ડી કોચ જયવીર શર્માએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ ત્યારબાદ ઉપસ્થિત અતિથિવિશેષ ખેલાડીઓએ તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કરતા વક્તવ્યો રજુ કર્યા હતા. એકેડેમીના ઈન્ચાર્જ દિનેશ બડમલિયાએ સ્પોર્ટ્સ ક્ષેત્રે તળીયાના સ્તરેથી પ્રતિભાઓની શોધ આવશ્યક હોવાનું જણાવ્યું હતું.

અમદાવાદમાં પણ પવન સાથે હળવો વરસાદ

અમદાવાદ, તા. ૧૮

સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના જુદા જુદા ભાગોમાં છેલ્લા બે દિવસથી થઈ રહેલા વરસાદ વચ્ચે આજે અમદાવાદ શહેરમાં પણ વાતાવરણમાં એકાએક પલટો આવ્યો હતો અને તોફાની પવન સાથે હળવો વરસાદ થયો હતો. ધુળની ડમરીઓ પણ ઉડી હતી. કેટલીક જગ્યાઓએ વૃક્ષો પડવાના સમાચાર પણ મળ્યા છે. સાંજના ગાળામાં હળવો વરસાદ થયો હતો. એકાએક તીવ્ર પવન સાથે વરસાદની શરૂઆત થતાં ઠંડકનો અનુભવ પણ લોકોએ કર્યો હતો. અમદાવાદમાં પણ બપોર બાદ હવામાન પલટાયુ હતું અને ઠંડા પવન અને ગાજવીજ સાથે વરસાદી ઝાપટા નોંધાયા હતા, જેમાં શહેરના સોલા, સાયન્સસીટી, બોપલ, ઘુમા, એસજી હાઈવે સહિતના વિસ્તારોમાં વરસાદના હળવા ઝાપટા નોંધાયા હતા. ભરઉનાળે કમોસમી વરસાદ નોંધાતા અમદાવાદ શહેરના વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. અમદાવાદ શહેરમાં પણ આજે ગરમીનો પારો નીચો ઉતરતાં લોકોને કાળઝાળ ગરમીમાંથી કંઈક અંશે રાહત મળી હતી અને ઠંડો પવન ફુંકાવાનો ચાલુ રહેવાના કારણે વાતાવરણમાં થોડી ઘણી રાહત થઈ હતી. બપોર બાદ હવામાન પલટાયુ હતું અને વિવિધ વિસ્તારોમાં ધૂળની ડમરીઓ ઉડવાની સાથે જોરદાર ઠંડો પવન ફુંકાવાની શરૂઆત થઈ ગઈ હતી. થોડી જ વારમાં, શહેરના જુદા જુદા વિસ્તારોમાં ઠંડા પવન અને ગાજવીજ સાથે વરસાદી ઝાપટા નોંધાયા હતા, જેમાં શહેરના એસ.જી.હાઈવે, સોલા, સાયન્સસીટી, બોપલ, ઘુમા સહિતના વિસ્તારો અને સાણંદ તથા તેની આસપાસના વરસાદના હળવા ઝાપટા નોંધાયા હતા. જેને પગલે અમદાવાદ શહેરના વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. દરમિયાન અમદાવાદ શહેરમાં મહત્તમ તાપમાન આજે ૪૦ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૪ ડિગ્રી નોંધાયું હતું. આવતીકાલે અમદાવાદમાં પારો ૪૦ રહેવાની શક્યતા છે.

સૌરાષ્ટ્રના સતત બીજા દિવસે પણ વરસાદ

અમદાવાદ,તા. ૧૮

દક્ષિણ પશ્ચિમ રાજસ્થાન ઉપર સર્જાયેલા સાયક્લોનિક સરક્યુલેશનના પરિણામ સ્વરુપે આજે સતત બીજા દિવસે વરસાદી માહોલ રહ્યો હતો. ગુજરાતના સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં વરસાદ થયો હતો. ઘણી જગ્યાએ ધોધમાર વરસાદ થયો હતો જ્યારે કેટલીક જગ્યાએ હળવો વરસાદ થયો હતો. તોફાની પવન સાથે કચ્છ જિલ્લામાં વરસાદ જારી રહે તેવી શક્યતા તંત્ર દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

અમરેલી સહિતના વિસ્તારોમાં ભારે વરસાદ પણ થયો છે. આજે રાજયના જુદા જુદા ભાગોમાં સતત બીજા દિવસે કમોસમી વરસાદથી ખેડૂત સમુદાય અને કેટલાક લોકો ચિંતિત દેખાયા છે. તોફાની પવન સાથે વરસાદના કારણે અનેક જગ્યાએ વૃક્ષો પણ ધરાશાયી થયા હતા. હવામાન વિભાગના કહેવા મુજબ હળવા વરસાદી ઝાપટા હજુ પણ જારી રહી શકે છે. સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાતમાં વરસાદની ચેતવણી પણ જારી કરવામાં આવી છે. ગુજરાત રાજયના અમુક વિસ્તારોમાં હવામાનમાં આજે સતત બીજા દિવસે નોંધપાત્ર પલ્ટો નોંધાયો હતો. ખાસ કરીને રાજયના સૌરાષ્ટ સહિતના કેટલાક વિસ્તારોમાં ભારે ગાજવીજ અને ઠંડા પવનના વાવાઝોડા સાથે વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને સૌરાષ્ટ્ર પંથકના અમરેલી, સાવરકુંડલા સહિતના પંથકોમાં આજે સતત બીજા દિવસે કમોસમી વરસાદ નોંધાયો હતો.